eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 67

01 Sept., 2006

## જાહેર વિનંતી

સુરત શહેરમાં તાપી નદીમાં આવેલ પુરના કારણે ઉભી થયેલ પરિસ્થિતિ સામાન્ય થાય તથા જન જીવન થાળે પાડવા માટે સરકાર દ્વારા યુધ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. આમ તો સામાન્ય રીતે ચોમાસાના માસ દરમ્યાન કે ખાસ કરીને પૂર પછીની પરિસ્થિતિમાં ખાસ પ્રકારના રોગચાળો થવાની શકયતા રહે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આભાર માને છે

સુરત શહેરમાં આવેલ કુદરતી આફતનો સામનો કરવામાં મદદરૂપ થનાર તમામ નામી–અનામી સંસ્થાઓ, સરકારી–અર્ધસરકારી સંસ્થાઓ સાથે અગ્રેસર રહેલ આસપાસના ગ્રામ્ય, અર્ધ શહેરી અને શહેરી વિસ્તારના નાગરિકો અને સંસ્થાઓનો પણ સુરત મહાનગરપાલિકા આભાર માને છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## હુ ક મ

ગુજરાત ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ–૨૦૦૩ના સબસેકશન નં. ૮૫શ૯ ના સબ સેકશન–૨ના નિયમ ૨૧ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરવામાં આવે છે કે સુરત શહેર વિસ્તારમાં પ્રેકટીસ કરતાં તમામ જનરલ પ્રેકટીશનર તથા મેડીકલ કન્સલટન્ટને જણાવવામાં આવે છે કે આપની સંસ્થા / હોસ્પીટલ / નર્સીંગહોમમાં આવતા નીચે જણાવેલ ચિન્હોવાળા દર્દીઓની સંપૂર્ણ વિગત સુરત મહાનગરપાલિકા / ગુજરાત સરકારના ગર્વનમેન્ટ મેડીકલ કોલેજ ખાતેના કંટ્રોલ રૂમને પુરેપુરી માહિતી તપાસણી થયાના છ કલાકમાં અવશ્ય જણાવવાની રહેશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## ડેન્ગ્યું અને મેલેરીયાથી બચો

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, મચ્છરોથી ફેલાતા રોગ જેવા કે, મેલેરીયા અને ડેન્ગ્યુથી બચવા નીચે જણાવેલ સુચનાઓનો અવશ્ય અમલ કરવો.

વધુ માટે કલીક કરો >>>>>>

## લેપ્ટોસ્પાયરોસીસ રોગ વિષે આટલું અવશ્ય જાણો

હાલમાં આવેલ અભૂતપૂર્વ પૂરની પરિસ્થિતિ બાદ સુરત શહેરના કેટલાંક વિસ્તારોમાં શંકાસ્પદ લેપ્ટોસ્પાયરોસીસના કેસો જોવા મળેલ છે. આ રોગની સમયસર સારવાર મળે તો મૃત્યુ નિવારી શકાય છે.

વધુ માટે કલીક કરો >>>>>>

# જાહેર વિનંતી

સુરત શહેરમાં તાપી નદીમાં આવેલ પુરના કારણે ઉભી થયેલ પરિસ્થિતિ સામાન્ય થાય તથા જન જીવન થાળે પાડવા માટે સરકાર દ્વારા યુધ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. આમ તો સામાન્ય રીતે ચોમાસાના માસ દરમ્યાન કે ખાસ કરીને પૂર પછીની પરિસ્થિતિમાં ખાસ પ્રકારના રોગચાળો થવાની શકયતા રહે છે. જે ન થાય તે માટે રાજય સરકારનું આરોગ્ય તંત્ર, સુરત મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર, કેન્દ્ર સરકારના નિષ્ણાંતોનું તંત્ર તથા શહેરના સુપ્રસિધ્ધ તબીબી આલમનું સંકલિત અભિયાન ખૂબ જ અસરકારક રીતે ચાલી રહયું છે. જેના કારણે શહેરમાં કોઈ પણ પ્રકારની એપેડેમીક (રોગચાળાની) પરિસ્થિતિ સર્જાઈ નથી.

અમુક વર્તમાન પત્રોમાં આ બાબત અંગે શહેરના જન જીવનમાં ગેર સમજ થાય તેવા અને ભય ભર્યા સમાચારોની અફવા સાથે મૃત્યુ આંક અંગે સમાચારો આપવામાં આવે છે. આ અંગે સાચી હકીકત મુજબ સુરત શહેરના ૩ મોટા સ્મશાન ગૃહો અને ૪ મોટા કબ્રસ્તાનોમાં મૃતદેહોની અંતિમક્રિયા કરવામાં આવે છે તેની માહિતી એકત્રીત કરતાં, પૂર પહેલાં એટલે કે ૧લી ઓગષ્ટ, ૨૦૦૬ થી ૭મી ઓગષ્ટ, ૨૦૦૬ સુધી આ શહેરમાં કુલ ૨૯૧ મૃતકોની અંતિમક્રિયા થઈ હતી. જેનો સરેરાશ દૈનિક ૪૧ જેટલા મૃતકોની અંતિમક્રિયા થાય છે. તા. ૨૮–૮–૨૦૦૬ના રોજ બપોરના ૩.૦૦ વાગ્યાથી તા. ૨૯–૮–૨૦૦૬ના રોજ બપોરે ૩.૦૦ વાગ્યા સુધીમાં ઉપરોકત સ્મશાન ગૃહો અને કબ્રસ્તાનોમાં કુલ ૪૦ મૃતકોના અંતિમક્રિયા કરવામાં આવી છે.

આ મૃતકોના આંકડાને ધ્યાને લઈએ તો મહદઅંશે આ મૃતકોમાં વય વૃધ્ધતા, કેન્સર, ટી.બી., હાર્ટ એટક જેવા રોગોથી મૃત્યુ થયેલની સંખ્યા વધારે છે. જેથી સરકારના આરોગ્ય તંત્ર તથા શહેરના જાણીતા તબીબી આલમની મદદ લઈને કોઈ પણ પ્રકારનો રોગચાળો ન ફેલાય, અને નિયંત્રણમાં રહે તે માટે સમગ્ર તંત્ર સજાગતાપૂર્વક ખૂબ જ પ્રયત્ન કરી રહયું છે. રોજબરોજના વર્તમાનપત્રોમાં મૃત્યુ અંગેના જે સંવેદનશીલ સમાચારો આપવામાં આવે છે તે માહિતી ઉકત માહિતી સાથે સુસંગત નથી તે સાબિત થાય છે. આવી અફવાથી કે સમાચારોથી શહેરના અર્થતંત્ર અને સામાજીક પ્રગતિ ઉપર વિપરીત અસર પડે છે અને જેને કારણે સમાજમાં ખોટા ભયની લાગણી ઉભી થાય છે. જેથી શહેરના નાગરિકોએ આવા ખોટા સમાચારોથી જરા પણ ગભરાવાની કે ભય રાખવાની જરૂર નથી.

TOP

સુરત શહેરમાં આવેલ કુદરતી આફતનો સામનો

કરવામાં મદદરૂપ થનાર તમામ નામી–અનામી સંસ્થાઓ,

સરકારી–અર્ધસરકારી સંસ્થાઓ સાથે

અગ્રેસર રહેલ આસપાસના ગ્રામ્ય,

અર્ધ શહેરી અને શહેરી વિસ્તારના

નાગરિકો અને સંસ્થાઓનો પણ

# સુરત મહાનગરપાલિકા

આભાર માને છે.

No. GSDMA/SUR/1-2006
Aug 27, 2006

# હુ કમ

ગુજરાત ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ–૨૦૦૩ના સબસેકશન નં. ૮૫શ૯ ના સબ સેકશન–૨ના નિયમ ૨૧ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરવામાં આવે છે કે સુરત શહેર વિસ્તારમાં પ્રેકટીસ કરતાં તમામ જનરલ પ્રેકટીશનર તથા મેડીકલ કન્સલટન્ટને જણાવવામાં આવે છે કે આપની સંસ્થા / હોસ્પીટલ / નર્સીંગહોમમાં આવતા નીચે જણાવેલ ચિન્હોવાળા દર્દીઓની સંપૂર્ણ વિગત સુરત મહાનગરપાલિકા / ગુજરાત સરકારના ગર્વનમેન્ટ મેડીકલ કોલેજ ખાતેના કંટ્રોલ રૂમને પુરેપુરી માહિતી તપાસણી થયાના છ કલાકમાં અવશ્ય જણાવવાની રહેશે.

- હેમરેજીક ન્યુમોનીયાની સ્થિતિ અંગે.
- શ્વાસોશ્વાસની તીવ્ર તકલીફના ચિન્હો (ARDS)
- કોઈપણ પ્રકારના તાવના ચિન્હ/લક્ષણો કે જે લેપ્ટોસ્પાઈરોસીસને મળતા હોય જેમકે
  ૧. આંખનો સફેદભાગ લાલ થવો.
  ૨. સ્નાયુઓનો સખત દુખાવો.
  ૩. કમળો અથવા
  ૪. પેશાબ ઓછો થવો.

વધુમાં ઉપરોકત જણાવેલ કાયદાની જોગવાઈ અન્વયે હું સુરત મહાનગરપાલિકાના ડે. કમિશ્નર (હેલ્થ અને હોસ્ટીટલ)ને કંટ્રોલીંગ અધિકારી તરીકે જાહેર કરૂ છું અને તે અનુસાર જાહેર આરોગ્યની જાળવણી માટે જરૂર જણાયે કોઈ એક અથવા સામુહીક પગલા પ્રસ્તુત કાયદાની મર્યાદામાં લઈ શકશે.

(એસ. આર. રાવ)
રીલીફ કમિશ્નર
ગુજરાત રાજય અને
ચીફ કો–ઓર્ડીનેટર, રેસ્કયુ
રીલીફ અને રીહેબીલીટેશન સુરત.

જનરલ પ્રેકટીશનર અને મેડીકલ કન્સલટન્ટને આથી સુચિત કરવામાં આવે છે કે ઉપરોકત કાયદા અન્વયે ઉપર જણાવેલ ચિન્હો ધરાવતા દર્દીઓની વિગત નીચે જણાવેલ ટેલીફોન નંબર / ફેકસ નંબર પર સમય મર્યાદામાં જણાવવા વિનંતી કરવામાં આવે છે.

ટેલીફોન નંબર :–૦૨૬૧–૨૨૪૧૦૪૨
૦૨૬૧–૨૨૪૧૦૪૩

ફેકસ નંબર :– ૦૨૬૧–૨૨૪૧૦૨૫

TOP

# ડેન્ગ્યું અને મેલેરીયાથી બચો

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, મચ્છરોથી ફેલાતા રોગ જેવા કે, મેલેરીયા અને ડેન્ગ્યુથી બચવા નીચે જણાવેલ સુચનાઓનો અવશ્ય અમલ કરવો.

૧. પાણી ભરેલા વાસણોમાં કે પાણી ભરેલ ખુલ્લી ટાંકીઓમાં મચ્છરના પોરા ઉત્પન્ન થાય છે. આ પોરા જ મચ્છરોની ઈયળો છે. જેથી નાગરિકોએ પોતાના ઘરમાં પીપ, પવાલી, પ્લાસ્ટીકના કેરબા કે ખુલ્લી ઓવરહેડ કે અંડર ગ્રાઉન્ડ ટાંકીમાં પાણીનો સંગ્રહ ન કરવો તથા દર પાંચમાં દિવસે વાસણો ઘસીને સાફ કરવા.

૨. મોટા ભાગના બાંધકામ/ઘરની ડીઝાઈન એ પ્રકારની હોય છે. જેમાં વરસાદનું પાણી સંગ્રહ પામે છે અને તેથી આવી જગ્યાઓ ઉપર ખાસ કરીને એડીસ મચ્છરો ઉત્પન્ન થાય છે. જેથી આવા પ્રકારની ડીઝાઈનવાળા મકાનોમાં પાણીનો નિકાલ ઝડપથી અને કાયમી રીતે થાય તે રીતે ગોઠવણ રાખવી.

૩. ખુલ્લી ઓવરહેડ કે અંડર ગ્રાઉન્ડ ટાંકીઓ હંમેશા હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, તેમજ પાણી પોરાના નાશ માટે કેરોસીન કે મીઠું તેલ પાણીમાં એટલી પ્રમાણમાં નાંખવું કે જેથી પાણી ઉપર કેરોસીન કે મીઠા તેલની એક ફિલ્મ બની જાય.

૪. જયારે વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગના કર્મચારીઓ પાણી પોરાના ઉત્પતિ અંગેના સર્વે અને સંબંધિત આરોગ્યલક્ષી કામગીરી માટે આવે ત્યારે નાગરિકોએ પુરતો સહકાર આપવો તેમજ એમની સુચના મુજબ વર્તવું.

૫. શંકાસ્પદ દર્દીઓ અંગેની જાણ નજીકના આરોગ્ય કેન્દ્ર, વોર્ડ ઓફિસ, યુનિટ ઓફીસ અથવા ઝોના ઓફિસમાં તાકીદે કરવી.

TOP

# લેપ્ટોસ્પાયરોસીસ રોગ વિષે આટલું અવશ્ય જાણો

હાલમાં આવેલ અભૂતપૂર્વ પૂરની પરિસ્થિતિ બાદ સુરત શહેરના કેટલાંક વિસ્તારોમાં શંકાસ્પદ લેપ્ટોસ્પાયરોસીસના કેસો જોવા મળેલ છે. આ રોગની સમયસર સારવાર મળે તો મૃત્યુ નિવારી શકાય છે.

## લેપ્ટોસ્પાયરોસીસ રોગના ચિન્હો :–

- સખત તાવ, માથાનો દુઃખાવો, સ્નાયુઓ અને સાંધાઓનો દુઃખાવો.
- આંખના સફેદ ભાગમાં લાલાશ જોવા મળે.
- ખાંસી, ગળફામાં લોહી પડવું, કમળો પેશાબ ઓછો થવો.

## લેપ્ટોસ્પાયરોસીસથી થતા મૃત્યુ અટકાવવા માટે શહેરના તબીબો આટલું કરશો :–

- ઉપર જણાવેલા લક્ષણોથી આશંકા જણાય કે તાત્કાલિક લેપ્ટોસ્પાયરોસીસની ખાસ સારવાર ઉપલબ્ધ છે તેવી નવી સિવિલ હોસ્પિટલ, મજુરા ગેટ, સુરત ખાતે દર્દીને દાખલ થવા સલાહ આપવા વિનંતી.

## લેપ્ટોસ્પાયરોસીસ થી સ્વરક્ષણ :–

- જરૂર વગર પાણીના ભરાવામાં હાથ પગ ઝબોળવા નહીં.
- પશુના મળ મૂત્ર વાળા/કાદવ કીચડ વાળા વિસ્તારની સફાઈ વખતે પગમાં બુટ પહેરવા તથા હાથનો સીધો સંપર્ક ટાળવો.
- ઘરની આસપાસ પાણીનો ભરાવો ન રહે તેની કાળજી રાખો.
- દુધ દોહતી વ્યકિત ના હાથમાં ચીરા કે ઘા હોય તો દોહવાનું કામ કરવું નહીં.
- ખેતી કામ માટે પાણી વાળા ખેતરમાં પ્રવેશ કામના સમય પુરતો જ કરવો.
- ઘાસ કાપવા જાવ ત્યારે પગમાં બુટ પહેરવા અને હાથમાં ઘા હોય ત્યારે આ કામ કરવું નહીં.

TOP